Media Coverage

Tata Power organizes Science Fair at Mundra, Gujarat under its ‘Shiksha Sarathi” program

Times of Karnavati

# ‘શિક્ષણ સારથી’ કાર્યક્રમ હેઠળ તાતા પાવર દ્વારા ગુજરાતમાં મુંદ્રા ખાતે વિજ્ઞાન મેળાનું આયોજન

તાતા પાવરનો પ્લાન્ટ જ્યાં કાર્યરત છે ત્યાં આસપાસના વિસ્તારમાં બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરૂં પાડવા માટે તાતા પાવરે તેની સંપૂર્ણ માલિકીની પેટા કંપની કોસ્ટલ ગુજરાત પાવર લિમિટેડ (સીજીપીએલ) મારફતે ગુજરાતમાં મુંદ્રા ખાતે વિજ્ઞાન મેળાનું આયોજન કર્યુ છે. આ કાર્યક્રમ વંધ પ્રાથમિક શાળા ખાતે ‘શિક્ષણ સારથી’ કાર્યક્રમ હેઠળ હાથ ધરાયો છે. ૧૭૦થી વધુ વિદ્યાર્થીઓએ આ વિજ્ઞાન મેળામાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમ યોજવાનો હેતુ પ્રાથમિક શાળાના ઉપલા વર્ગોના તથા મિડલ સ્કૂલના વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક કુતૂહલ પેદા કરીને તેમના કૌશલ્યમાં વધારો કરવા માટે નિદર્શન આપવાનો છે. ધોરણ ૬ થી ૮ના ૪૨ વિદ્યાર્થીઓને આ કાર્યક્રમમાં બે દિવસની વર્કશોપ માટે પસંદ કરાયા હતા. વિજ્ઞાન મેળાનું ઉદઘાટન ટુંડા વંધ ગામના નાયબ સરપંચ શ્રી મંડાભાઈ રબારીએ કર્યુ હતું અને અન્ય સમુદાયોના અગ્રણીઓ તેમજ શાળાના આચાર્ય, શિક્ષકો અને બાળકો હાજર રહ્યા હતા. બાળકોએ આ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને મેળા દરમ્યાન તેમણે કરેલા મૉડલ્સ અંગે ઉત્સાહથી માહિતી પૂરી પાડી હતી. બાળકોએ પ્રકાશ, મેગ્નેટીક ફિલ્ડ, માનવ શરીર, સમતોલન, સુક્ષ્મદર્શક યંત્રો, દિવસ-રાતનું ચક્ર, ચંદ્રના વિવિધ તબક્કા અને વિજ્ઞાનના વિવિધ સિધ્ધાંતો દર્શાવતા પ્રોજેક્ટસ અને પ્રયોગો મહેમાનો સમક્ષ રજૂ કર્યા હતા. વિજ્ઞાન મેળાને અંતે વિદ્યાર્થીઓને પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું

આ પ્રસંગે મુંદ્રા પ્રોજેક્ટના ચીફ શ્રી કે.કે. શર્માએ જણાવ્યું હતું કે ''આ પ્રકારના સ્થળોએ યોગ્ય પ્રકારની શૈક્ષણિક તાલિમથી બાળકનું ભવિષ્ય બદલવાની હાલની તાકીદની જરૂરિયાત છે. બાળકોમાં આત્મવિશ્વાસ, જ્ઞાન અને રજૂઆત કરવાનું કૌશલ્ય વધે તે માટે કેટલીક સુવિધાઓ પૂરી પાડવા માટે અમે સતત પ્રયાસ કરી રહ્યા છીએ. અમારા આ પ્રયાસને ખૂબ જ હકારાત્મક પ્રતિભાવ પ્રાપ્ત થયો છે. અમે અને આવા પ્રયાસો હાથ ધરવાનું ચાલુ રાખીશું. ''

Divya Gujarat

# ’શિક્ષણ સારથી’ કાર્યક્રમ હેઠળ તાતા પાવર દ્વારા ગુજરાતમાં મુંદ્રા ખાતે વિજ્ઞાન મેળાનું આયોજન

તાતા પાવરનો પ્લાન્ટ જ્યાં કાર્યરત છે ત્યાં આસપાસના વિસ્તારમાં બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરૂં પાડવા માટે તાતા પાવરે તેની સંપૂર્ણ માલિકીની પેટા કંપની કોસ્ટલ ગુજરાત પાવર લિમિટેડ (સીજીપીએલ) મારફતે ગુજરાતમાં મુંદ્રા ખાતે વિજ્ઞાન મેળાનું આયોજન કર્યું છે. આ કાર્યક્રમ વંધ પ્રાથમિક શાળા ખાતે ’શિક્ષણ સારથી’ કાર્યક્રમ હેઠળ હાથ ધરાયો છે. ૧૭૦થી વધુ વિદ્યાર્થીઓએ આ વિજ્ઞાન મેળામાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમ યોજવાનો હેતુ પ્રાથમિક શાળાના ઉપલા વર્ગોના તથા મિડલ સ્કૂલના વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક કુતૂહલ પેદા કરીને તેમના કૌશલ્યમાં વધારો કરવા માટે નિદર્શન આપવાનો છે. ધોરણ ૬ થી ૮ના ૪૨ વિદ્યાર્થીઓને આ કાર્યક્રમમાં બે દિવસની વર્કશોપ માટે પસંદ કરાયા હતા. વિજ્ઞાન મેળાનું ઉદ્ઘાટન ટુંડા વંધ ગામના નાયબ સરપંચ શ્રી મંડાભાઈ રબારીએ કર્યું હતું અને અન્ય સમુદાયોના અગ્રણીઓ તેમજ શાળાના આચાર્ય, શિક્ષકો અને બાળકો હાજર રહ્યા હતા.

Phul Chhab

# તાતા પાવર દ્વારા મુંદ્રામાં વિજ્ઞાનમેળો યોજાયો

અમદાવાદ, તા.૧૮ : તાતા પાવરનો પ્લાન્ટ જ્યાં કાર્યરત છે ત્યાં આસપાસના વિસ્તારમાં બાળકોને ગુણવતાયુક્ત શિક્ષણ પૂરૂં પાડવા માટે તાતા પાવરે તેની સંપૂર્ણ માલિકીની પેટા કંપની કોસ્ટલ ગુજરાત પાવર લિમિટેડ (સીજીપીએલ) મારફતે ગુજરાતમાં મુંદ્રા ખાતે વિજ્ઞાન મેળો યોજાયો હતો.

૧૭૦થી વધુ વિદ્યાર્થીઓએ આ વિજ્ઞાન મેળામાં ભાગ લીધો હતો. ધોરણ ૬ થી ૮ના ૪૨ વિદ્યાર્થીઓને આ કાર્યક્રમમાં બે દિવસની વર્કશોપ માટે પસંદ કરાયા હતાં. વિજ્ઞાન મેળાનું ઉદ્ઘાટન ટુંડા વંધ ગામના નાયબ સરપંચ મંડાભાઇ રબારીએ કર્યું હતું. અન્ય સમુદાયોના અગ્રણીઓ તેમજ શાળાના આચાર્ય, શિક્ષકો અને બાળકો હાજર રહ્યા હતાં.

બાળકોએ આ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને મેળા દરમિયાન તેમણે કરેલા મોડલ્સ અંગે ઉત્સાહથી માહિતી પૂરી પાડી હતી. બાળકોએ પ્રકાશ, મેગ્નેટીક ફિલ્ડ, માનવ શરીર, સમતોલન, સુક્ષ્મદર્શક યંત્રો, દિવસ-રાતનું ચક્ર, ચંદ્રના વિવિધ તબક્કા અને વિજ્ઞાનના વિવિધ સિધ્ધાંતો દર્શાવતા પ્રોજેક્ટસ અને પ્રયોગો મહેમાનો સમક્ષ રજૂ કર્યા હતાં. વિજ્ઞાન મેળાને અંતે વિદ્યાર્થીઓને પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. કંપનીએ ‘કેમ્પ ગેલેલિયો’નું આયોજન કર્યું હતું. જેમાં બાળકો અને ગ્રામવાસીઓએ તારા, ગ્રહો અને ચંદ્રનું દૂરબીનથી નિરિક્ષણ કર્યું હતું. ગ્રામવાસીઓ, વાલીઓ અને શાળાની વહીવટી સમિતિના સભ્યોએ આ પ્રયાસને ખૂબ જ બિરદાવ્યો હતો.